અપીલ અરજી નં.૨૯૨ તા.૭–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિપક પટેલ
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક પટેલની તા. ૩–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.ર.૧. સી.આર.સી. અને બી.આર.સી. કો. ઓર્ડીનેટરની અરજીઓ અંગેના અલગ રજીસ્ટરો વર્ષવાર નિભાવવા તા.ર૮–૬–૦પ ના પત્ર નં. SSA/TT/(BRC/CRC/05/ ૧૩પ૭ર–૧૩૭૦૦ થી સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી ગાંધીનગર ધ્વારા સૂચના આપવામાં આવી છે. જે સૂચના મુજબ વર્ષવાર નિભાવેલા, બનાવેલા રજીસ્ટરોની માહિતી વિગેરે મુદ્દા નં.ર.૧ થી ર.૧ર ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૭–૧ર–૦૯ ની અપીલ અરજી નં.ર૯ર/ર૦૦૯–૧૦

શ્રી દિપક પટેલની તા. ૩–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.ર.૧. સી.આર.સી. અને બી.આર.સી. કો. ઓર્ડીનેટરની અરજીઓ અંગેના અલગ રજીસ્ટરો વર્ષવાર નિભાવવા તા.ર૮–૬–૦પ ના પત્ર નં. SSA/TT/(BRC/CRC/05/ ૧ ૩પ૭ર–૧૩૭૦૦ થી સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી ગાંધીનગર ધ્વારા સૂચના આપવામાં આવી છે. જે સૂચના મુજબ વર્ષવાર નિભાવેલા, બનાવેલા રજીસ્ટરોની માહિતી વિગેરે મુદ્દા નં.ર.૧ થી ર.૧ર ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧ર–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૪ તા.૧૪–૧ર–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્ર ા.શિ.સ.)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને પત્ર નં.૧૬૭ તા.રર–૧ર–૦૯ થી પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારને માહિતી મેળવવા અંગે પાઠવેલ જાવક નં.૧પ૦ તા.૩૦–૧૧–૦૯ /૧–૧ર–૦૯ થી ફી ભરવા પાઠવેલ પત્રની નકલ તથા પોસ્ટ કર્યા અંગેની યુપીસી પુરાવાની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અરજદારને પાઠવવા જોગ/આપવાજોગ માહિતીનું વિગત દર્શાવતું પત્રકની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૩–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.ર.૧ થી ર.૧ર થી માહિતી માંગવામાં આવેલ છે. મુદ્દા નં.ર.૧ સી.આર.સી. અન. બી.આર.સી. કો. ઓર્ડીનેટરની અરજીઓ અંગે અલગ અલગ રજીસ્ટરો વર્ષવાર નિભાવવા તા.ર૮–૬–૦પ ના પત્ર નં.એસ.એસ.એ./ટીટી/બીઆરસી/સીઆરસી/૦પ/૧૩પ૭ર –૧૩૭૦૦ થી સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી ગાંધીનગર ધ્વારા સુચનાઓ આપવામાં આવી છે. સૂચના મુજબ વર્ષવાર નિભાયેલા રજીસ્ટરોની માહિતી. મુદ્દા નં.ર.ર સીઆરસી અને બીઆરસી કો. ઓર્ડીનેટરોની નિમણૂંક બાબતેના ઈન્ટરવ્યુ પત્રો જે યુપીસી ટપાલથી મોકલી તેનો રેકર્ડ જાળવવાની સૂચના પણ સદર પત્રમાં આપી છે તો ઈન્ટરવ્યુ પત્રનો પ્રમાણિત નકલો ની માહિતી. મુદ્દા નં.ર.૩ ન.પ્રા.શિ.સ. સુરતની શાળાઓ માટે કાર્યકર્તા તમામ સીઆરસી અને બીઆરસી કો. ઓર્ડીનેટરોની નિમણૂંક આપતા પૂર્વે સદર તારીખના પત્ર મુજબ બહાલી મેળવી છે તેના સીઆરસી બીઆરસીના નામજોગ તારીખ વર્ષવાર મેળવેલા બહાલી પત્રોની પ્રમાણિત નકલોની માહિતી. મુદ્દા નં.ર.૪ મુદ્દા નં.ર.૩ પૈકી કયા કયા સીઆરસી કો. ઓર્ડીનેટરની નિમણૂંક સબંધી બહાલી મેળવેલ નથી તેમના નામ, કઈ શાળામાં ફરજ બજાવે છે તે શાળા નંબર, સરનામું અને નિયમ વિરુધ્ધ નિમણૂંક આપનાર અધિકારીનું નામ તથા હોદ્દાની માહિતી. મુદ્દા નં. ર.પ.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી ગાંધીનગરને બહાલી માટે સીઆરસી અને બીઆરસી કો ઓર્ડીનેટરો સબંધી જે દરખાસ્તો નિમણૂંકની બહાલી માટે મોકલી છે તે તમામ દરખાસ્તો સબંધી પ્રમાણિત અને વર્ષવાર અલગ અલગ પ્રમાણિત નકલોની માહિતી. મુદ્દા નં.ર.૬ વર્ષ ર૦૦પ–૦૬ થી ર૦૦૯–૧૦ માટે જે જે સીઆરસી અને બીઆરસી કો. ઓ. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતમાં કામ કરતાં હતાં તેમની વર્ષવાર અલગ અલગ પ્રમાણિત પત્રો ની માહિતી. મુદ્દા નં.ર.૭. સદર તારીખના પત્ર મુજબ પસંદગી સમિતિના હોદ્દેદારો ૧. જિલ્લા પ્રોજેકટ કો. ઓ. અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ર. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ૩. જિલ્લા શિક્ષણાધિકારી ૪. શાસનાધિકારી ન.પ્રા.શિ.સ. સુરત ધ્વારા કરવામાં આવી છે હા કે ના. મુદ્દા નં.ર.૮ તા.ર૮–૬–૦પ બાદ સીઆરસી અને બીઆરસી કો. ઓ. ની નિમણૂંક કરવા સ્ટેટ પ્રજેકટ ડાયરેકટરની કચેરી ગાંધીનગર ધ્વારા જે પરિપત્રો , ઠરાવો, પત્રો, ન.પ્રા.શિ.સ.સુરતને મોકલ્યા હોય તે તમામ પત્રોની પ્રમાણિત નકલ, મુદ્દા નં.ર.૯ જયાબેન સુમરાનું બીઆરસી કો. ઓ. (યુઆરસી કો.ઓ.) ના રાજીનામાં બાદ કોને કઈ તારીખથી ચાર્જ આપવામાં આવ્યે તેની માહિતી. ચાર્જ સોંપવામાં આવ્યા બાદ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી ગાંધીનગરથી બહાલી મેળી હોય તો કયારે કયા પત્રથી બહાલી મેળવી તે તારીખ અને પત્રની પ્રમાણિત નકલ. મુદ્દા નં.ર.૧૦ નિયમ જોગવાઈ વિરુધ્ધ સીઆરસી કો.ઓ. ની નિમણૂંક થઈ હોય તો તેમના ધ્વારા જે નાણકીય વ્યવહાર થયા હોય તે કાયદેસરના ગણાય ખરા? હા કે ના મુદ્દા નં.ર.૧૧ સર્વ શિક્ષા અભિયાન મિશન ન.પ્રા.શિ.સ. સુરત ને ફાળવવામાં આવતી ગ્રાન્ટ

નાણાનો હિસાબ તૈયાર કરનાર, હિસાબને મંજુર કરનાર,હિસાબનું ઓડીટ કરનાર. તમામ અધિકારીના નામ અને હોદ્દાની માહિતી .મુદ્દા નં.ર.૧૨ ન.પ્રા.શિ.સ. ની શાળાઓના આચાર્યો અને યુઆરસી કો. ઓ. ની જવાબદારી સંભાળતા વ્યકિતઓ સીઆરસી કો ઓ. તરીકે કયા નિયમના આધારે, કયા ઠરાવના આધારે, કોની મંજુરી , બહાલીથી જવાબદારી સંભાળે છે તે નિયમ ઠરાવોની માહિતી અંગે મંજુરી બહાલી આપનાર અધિકારીના અને હોદ્દાની માહિતી માંગવામાં આવેલ જે અંગે અરજદારે ૩૦ દિવસની સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નથી. અને માહિતીનો ચાર્જ જણાવ્યો નથી. માહિતી આપી નથી કે માહિતી નકારી નથી. મુદ્દા નં.ર.૧ થી ર.૧૨ પૈકી કોઈ માહતી આપી નથી. તેવું જણાવી વિના મૂલ્યે માહિતી અપાવવા કે સમય મર્યાદામાં નિર્ણય જણાવવા તા.૭–૧ર–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને ઉપશાસનાધિકારી અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પૂરી પાડેલ પૂરક વિગતોમાં તેમના પત્ર જાવક નં.૧૫૦ તા.૩૦–૧૧–૦૯/૧–૧ર–૦૯ થી અરજદારને માહિતીના પાનાની કુલ સંખ્યા પ૭ પ્રતિ પાનાદીઠ રૂા.ર/– લેખે કુલ્લે રૂા.૧૧૪ કચેરીએ જમા કરાવી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ. તેવું જણાવી વધુમાં અરજદારને તા.૧–૧ર–૦૯ ના રોજ માહિતી મેળવી લેવા ટેલીફોનીક જાણ પણ કરવામાં આવેલ છે તથા સદર તારીખે માહિતી માટે પાઠવેલ પત્રની યુપીસીની નકલ પણ રજૂ કરેલ છે સાથે જણાવેલ છે કે અરજદારને આપવાજોગ ર.૧ થી ર.૧ર ની મુદ્દાવાર માહિતી તૈયાર કરેલ હોવા છતાં તેઓ દસ્તાવેજ ફી ભરી મેળવી ગયેલ નથી. સામે પક્ષે અરજદાર ધ્વારા ચાર્જ ભરવાનો પત્ર તા.૭–૧ર–૦૯ ના રોજ મળેલ હોવાનો શેરો જાહેર માહિતી અધિકારીના પત્રની નકલમાં કરેલ જણાય છે.

સમગ્ર હકીકત જોતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દિન–૩૦ ની અવધિ પૂર્વે ચાર્જ ભરવા અરજદારને પત્ર પાઠવ્યાનું સ્પષ્ટ થાય છે. આરટીઆઈની કલમ–૭(૩) (એ) ની જોગવાઈ ધ્યાને લેતાં અરજદારને ચાર્જ ભરવા પાઠવેલ પત્ર અને તેમણે ચાર્જ ભર્યો તે સમયગાળો દિન–૩૦ ની ગણતરીમાં ધ્યાને લેવા પાત્ર થાય નહી. પ્રસ્તુત કિસ્સામાં અરજદારે તેવો ચાર્જ ભરપાઈ કરેલ નહીં હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. અરજદારે ચાર્જ ભર્યાની વિગતો રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ નિયત ચાર્જ ભરપાઈ કર્યેથી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ હોઈ અરજદાર ઠરાવેલ ચાર્જ ભરપાઈ કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે. માહિતીના ઈન્કારનો કેસ બનતો ન હોઈ અપીલમાં અન્ય કોઈ હુકમ કરવાપાત્ર થતો નથી. તેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)....જાણ તથા અમલ માટે
(ર) શ્રી દિપક પટેલ,